
# મોક્ષ માર્ગ ધર્મ કી જય

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં, મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



ૐ પરમાત્માને નમો નમઃ
ૐ અખંડાનંદ કી જય
સદ્‌ગુરૂ વલ્લભરામ મહારાજ કી જય
સદ્‌ગુરૂ રમુજીલાલ મહારાજ કી જય

## પરમાત્માનું ભૂતિમાં પ્રેરણા આપતું માસિક

# ચેતવણી

વર્ષ-૧૫, અંક-૯, સંવત ૨૦૭૫ ભાદરવા વદ ૧૩
પ્રસિદ્ધ તા. ૨૭-૯-૨૦૧૯ શુક્રવાર
છુટક નકલ રૂા. ૬-૦૦, વાર્ષિક લવાજમ રૂા.૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2018-2020 Valid up 31-Dec-2020
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
PMG/HQ/012/2018-20 Valid upto 31-12-2020





**યત્પાદપૂજા ચિત્તસ્થ મલમાશુ વ્યપોહતિ ।**
**યસ્ત માનસિકં ધ્યાનં ચિત્તદોષાન્ વ્યપોહતિ ॥**
**યસ્યૈષા સાદરં સેવા વિનાશ્યાત્ર મનોવલમ્ ।**
**મુમુક્ષૂણામાત્મરૂપં સાક્ષાત્કારયતે દ્રુતમ્ ।**
**સદ્ગુરું તં દયાડસિન્ધુ પ્રસન્નમનસં સદા ।**
**સંપૂજ્યં વલ્લભવ્યાસં પ્રેમપૂર્વં વયં નતાઃ ॥**

જેમની પાદપૂજા વડે ચિત્તના મલદોષ દૂર થાય છે, જેમનું માનસિક ધ્યાન ચિત્તના વિક્ષેપો (દોષો)ને દૂર કરે છે અને જેમની આદરપૂર્વકની સેવા મુમુક્ષુઓના મનોમલને દૂર કરી આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે, તે દયાસિંધુ, પ્રસન્નચિત્ત એવા સંપૂજ્ય સદ્ગુરુ વલ્લભ વ્યાસને અમો પ્રેમપૂર્વક પ્રણામ કરીએ છીએ.

**જિત્વા મનોવૃત્તિમયં પવિત્રો**
**મનોવચોભ્યાં નિજકર્મણા યઃ ।**
**દઃખાબ્ધિ પારસ્ય વિધાયકઃ સઃ**
**જેયાત્ રમૂજી ગુરુદેવ એષઃ ॥**

મનોવૃત્તિને કાબૂમાં રાખી મન, વચન અને કર્મથી સર્વદા પવિત્ર રહેનારા તેમજ દુઃખના મહાસાગરમાંથી પાર પડનારા એવા ગુરુદેવ રમુજીલાલનો જય થાઓ.

તેમજ આત્માનો સંબંધ પરમાત્મા સાથે હોઈ પ્રભુની પરમકૃપા જેનાથી મળે છે, તેનું જ નામ 'આત્મશ્રદ્ધા'. છે. કોઈ પણ કાર્યમાં આત્મશ્રદ્ધા વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, એટલું જ નહીં પણ દેહની શ્રદ્ધા યા દેહનો સંબંધ માત્ર દેહ કે ઇંદ્રિયો સુધી જ પહોંચે છે. મનની શ્રદ્ધા માત્ર મનના અધિષ્ઠાતા બ્રહ્મા આદિ ઈશ્વરો સુધી પહોંચે છે અને તેમાં માત્ર અર્ધી અગર તેથી ઓછી મનોશ્રદ્ધા સફળ થાય છે. કિંતુ આત્મશ્રદ્ધાનો સંબંધ આત્મા સુધી અગર આત્માના આત્મતત્ત્વ સુધી અગર તેથી આગળ વધીને પરમેશ્વર સુધી પહોંચે છે. તે શું ન કરી શકે ? વેદો-ઉપનિષદોમાં પરમેશ્વરને 'અમૃત' કહેલા છે. તે અમૃતમય પ્રભુની કૃપા, આત્મશ્રદ્ધા મેળવી લે છે. તેથી અકલ્પનિય અને ન બનવાજોગ કાર્યો પણ પ્રભુની અમૃત વર્ષાથી સિદ્ધ થાય છે. તેને જ અનેક રીતે શાસ્ત્રકારો અને પુરાણકારોએ સતીત્વના પ્રભાવરૂપે વર્ણવ્યા છે. પરંતુ યોગદષ્ટિએ બે આત્માઓનું આત્મમિલન અને પરસ્પરમાં અનન્ય અને પૂર્ણપ્રેમ સહિત સ્વાર્પણ થાય તો જ તે 'સાચું લગ્ન' માન્યું છે અને તે લગ્નમાં પુરુષો કરાતં સ્ત્રીઓ સ્વાર્પણ કરતી હોવાથી અઘટિત યા વ્યસની યા દુરાચારી પુરુષને પણ મોડાવહેલા કોઈ સમયે પણ સુધરવું જ પડે છે. જેમ એક દીવામાંથી અનેક દીવા કરી શકાય છે, તેમ સ્ત્રી ઘરની લક્ષ્મી હોઈ પોતાના પતિમાં, પોતાના પરિવારમાં સદ્‌બુદ્ધિ, સદાચરણ અને સદ્‌ગુણોના અનેક દીવા પ્રગટાવી શકે છે. પરંતુ સ્ત્રી યા પુરુષ બે અંગમાંથી એક અંગ બગડે ત્યારે એકમાં બગાડ દેખીને જ્યાં બીજું અંગ પણ બગડે છે ત્યાં સુધરવાની કે સુધારવાની આશા વિચ્છેદ (નાશ) પામે છે. જેની શ્રદ્ધા ડગી જાય તે અન્યને શી રીતે સુધારી શકે ? સારાંશમાં જ્યાં સ્વાર્પણ હોય છે ત્યાં પ્રભુની કૃપા હોય છે અને સ્વર્પણના શ્રેષ્ઠ પ્રયોગથી સ્ત્રી પરાયા ઘરમાં પોતાનું ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે. પરંતુ જ્યાં સ્ત્રીઓ ઓછાવત્તા દુઃખથી અગર કર્કશ (નિર્દય યા આકરા) સ્વભાવથી અગર માતાપિતાના ઉત્તેજનથી પતિગૃહ ત્યજી પિયર (સ્ત્રીના માબાપનું ઘર) સીધાવે છે, તેનું ઘર અને જીવન અવશ્ય બગડે છે; કેમ કે જે સ્ત્રીને સ્વાર્પણ કરતાં આવડ્યું નહીં તે અન્યને શી રીતે આકર્ષી શકે ? સ્વાર્પણ વિના આત્મશ્રદ્ધાનો ઝરો હાથ લાગતો નથી, પણ જ્યાં સાચી શ્રદ્ધા છે ત્યાં અમૃતમય ઝરાથી સ્ત્રી, નર્ક જેવા ક્લેશમય સ્થાનને પણ આનંદમય સ્વર્ગ બનાવી શકે છે અને એક વખતે સ્ત્રીને દુઃખ દેનાર પતિ પોતાની પત્નીનો પક્ષ લઈને પોતાના સગાં-વહાલાં સાથે પણ ઝઘડે છે અને પત્નીને સુખી કરવા ક્લેશમય વાતાવરણવાળા ઘરનો ત્યાગ સુધ્ધાં કરી દે છે. જેમ ત્યાગ વિના ભાગ્ય ખીલતું નથી તેમ સ્વાર્પણ વિના સિદ્ધિ મળતી નથી. આ રીતે સ્વાર્પણના પ્રયોગથી સ્ત્રી સંસારમાં વિજયી બને છે તેમ પ્રત્યેક આત્મા, આત્મશક્તિઓ પ્રાપ્ત કરીને પ્રભુ સુધી પહોંચવા પ્રયત્ન કરે, આત્મયોગ સાધે અને આત્માને પાપરહિત નિર્મળ બનાવી પ્રભુમાં યોજે તો જ્ઞાન-ચૈતન્યવાળો આત્મા આત્મતત્ત્વમાં સંલગ્ન બની જ્ઞાન-ચૈતન્યમય પ્રભુમાં પોતાનું સ્વાર્પણ કરી શકે છે; કેમ કે પાપરહિત નિર્મળ બનેલો જ્ઞાન-ચૈતન્યવાળો

આત્મા અને સર્વદા નિષ્પાપ, નિર્દોષ, નિર્લેપ જ્ઞાન-ચૈતન્યમય પ્રભુ, બંને જ્ઞાન-ચૈતન્ય ગુણોથી સરખા એટલે 'સમ' હોય છે અને તેવો આત્મા પ્રભુ ઈચ્છાનુસાર સુખદુઃખમાં સર્વમાં આનંદ માની, હસી સ્વેચ્છા જેવું કાંઈ ન રાખતાં પ્રભુનો બની જીવન ગુજારે તે જ સમદૃષ્ટિએ 'સમ + અર્પણ' એટલે પૂર્ણમાં (જે પહેલાં અપૂર્ણ હતું તેને જ્ઞાનચૈતન્યથી ભરી દઈ પૂર્ણવત કરી પૂર્ણમાં) અર્પણ કરી દે તેનું જ નામ 'સમર્પણ છે.

આ સિદ્ધાંત પરથી જ બ્રહ્મવાદ અગર અદ્વૈત સિદ્ધાંતની સ્થાપના છે કે : 'જીવ' તે સદા જીવ નથી, પરંતુ જ્ઞાનચૈતન્ય અને અવિનાશી ગુણથી 'શિવ' છે. અને જેમ બાળક પોતાના પિતાને ભેટે તેમ આત્મા પરમાત્મામાં જોડાય તેનું નામ 'પરમયોગ' છે. કેટલાક આત્માઓ પોતે ગમે તેટલા જ્ઞાનયોગમાં આગળ વધેલા હોય છતાં પોતાનું આત્મકલ્યાણ થશે કે નહીં ? તે મિથ્યા શંકામાં ગૂંચાયા કરે છે અને કેટલાક જીવત્વ ભાવ છોડતા નથી, તેથી અદ્વૈત સિદ્ધાંતે કહ્યું છે કે : હે આત્મા ! તું દીન નથી પણ શિવ છે. 'જીવપણાનો ભાવ એટલે અહમ્‌ત્વના અને શિવપણાનો ભાવ એટલે સમર્પણ.'

પ્રત્યેક યોગી, જ્ઞાની આત્મચેતનાનો સ્વધર્મ એ છે કે : યોગીએ વ્યષ્ટિ(વ્યક્તિ) માં એકમાં બંધન ન પામતાં પોતાને સમષ્ટિમાં (સર્વમાં) અનંત પરમગતિમાં યા પરમાત્મામાં લય અને લીન કરવો કે જેથી પોતાનું અને પોતાની સાથે અનેકનું શ્રેય થાય. આ રીતે જે યોગી સમષ્ટિમાં વિલીન (લય પામેલું યા લીન થઈ ગયેલું) થાય છે અને તે પછી પોતાનું સાથીદાર અનેકનું કલ્યાણ કરે તેનું નામ 'આત્મસમર્પણ' છે. આવા આત્મસમર્પણ બેથી પાંચ વાર કર્યા બાદ આત્મામાંથી આત્મગુહામાં રહેલ આત્મજ્યોતિ બ્રહ્માત્માતત્ત્વ સમષ્ટિમાં વિલીન થવા માયાવાળા દેહોમાંથી અને ગ્રંથિતત્ત્વોમાંથી સ્વતઃબહાર નીકળે છે. તે પછી તેને પરમચેતનામાં સમર્પણ કરવાનું કે તે માટે કાંઈપણ કરવાનું રહેતું નથી. પણ તે સ્વતઃ બ્રહ્માત્મ ચેતના, પરમબ્રહ્મ ચેતનામાં ભળવા સ્વતઃ ઊછળી ચાલી જાય છે, તે પછી તે બ્રહ્મત્મ સમર્પણ, ઈચ્છા કે સંકલ્પ વિના આપોઆપ થઈ જાય છે.

**પ્રભુ/સદ્‌ગુરુ સમક્ષ અંતર ખોલી નાખવું.**

આત્મચેતનાને ઊર્ધ્વ (ઊંચું કરેલું) પરમચેતના પ્રત્યે ખુલ્લા થવાનું છે. એટલે કે પોતાના આત્મહૃદયને પરમચેતનાને ગ્રહણ કરવા યોગ્ય બનાવવા હૃદય ખોલી નાખવાનું છે. આથી કેટલાક શાસ્ત્રોએ અને કેટલાક મહાપુરુષોએ સિદ્ધાંત કર્યો છે કે: પહેલાં પોતાનાં કરેલાં પાપો છુપાવવાની મનુષ્યમાત્રમાં ગંભીર દોષવાળી આદત હોય છે. તેને સુધારવા માટે પહેલાં તે દેવ સમક્ષ પોતાનાં પાપોનો એકરાર કરી નિર્દોષ બનવા હૃદય ખોલી નાખવું જોઈએ. તે પછી મનની વિશેષ દૃઢતા થાય ત્યારે સદ્‌ગુરુ (દેહધારી ગુરુ નહીં) સમક્ષ હૃદય ખોલી નાખવું જોઈએ અને જો મનનું વિશેષ દૃઢીકરણ

થાય તો નિર્દોષ ભાવે અન્યને માર્ગદર્શન મળે એ હેતુથી જગત સમક્ષ પોતાનું હૃદય ખોલી નાખવું જોઈએ. પરંતુ આમાં કોઈ જગ્યાએ પોતાના અંતરમાં કોઈ અંતરાય કે સંકોચ આવતો હોય તો તેવા હૃદયથી કરેલ આત્મવિલોપન (પોતે શૂન્યવત્ થવું કે તેમ વર્તવું તે) કે નિવેદન (અરજ) નિરર્થક સમજવા. જો આ સમયે કાંઈપણ છુપાવવાની અગર સત્ય હકીકતને ફેરવવાની યા યુક્તિપૂર્વક જૂઠું બોલવાની સહેજપણ ઈચ્છા થાય તો સાધકે સમજી લેવું કે : પોતે સાચો સાધક, ભક્ત કે ઉપાસક નથી, પણ હૈયામેલો દાંભિક છે. જો આપણામાં આવી દાંભિક્તા ન હોય તો જ આત્મવિલોપન એટલે અહમ્‌નું મૃત્યુ કરી શકાય. આપણે માત્ર પ્રભુ સમક્ષ ખુલ્લા થવાનું નથી પણ તેથીએ આગળ જઈને નિર્મળ બનાવેલ આત્મા તથા આત્મહૃદયને પ્રથમ આત્મજ્યોતિમાં અને પછી પરમજ્યોતિમાં સમર્પણ કરવાનું છે. જેમ જનકે યાજ્ઞવલ્ક્યને ગુરુદક્ષિણામાં પોતાનો આત્મા મૂક્યો, તેમ આપણે પ્રભુ સમક્ષ, સદ્‌ગુરુ સાંનિધ્યમાં અને સાક્ષીએ નિર્મળ, નિર્દોષ બનાવેલ આત્માનું આત્મસમર્પણ કરવાનું છે. જેવી રીતે માયાના તત્ત્વોથી ઉપરાઉપરી બંધનો સ્વીકાર્યાં છે, તેવી રીતે તે તમામ બંધનોનો વિચ્છેદ (નાશ) કરતા જવાનો છે. આત્મસમર્પણમાં કાંઈ વધુ ધ્યાન કરવાનું કે વધુ સેવા-પૂજા-માળા કરવાનું નથી, પણ આધ્યાત્મિક જીવનનો પલટો લેવાનો છે. પોતાની પ્રકૃતિની પ્રત્યેક ક્રિયાને હૃદયમાં ઘર કરી બેઠેલ ટેવોનો સિફતથી (ચાલાકીથી યા હોશિયારીથી) જૂઠ બોલવાની આદતને અને વાક્‌ચાતુર્યને (બોલવાની ચતુરતા-હોશિયારી કે ચાલાકીને) ફેરવી નાખી શુદ્ધ બનાવી તે તમામને આત્માની સાથે સમર્પણ કરવાના છે. આત્માની આત્મજ્યોતિ જે ગોંધાઈ (બંધ જગતમાં પૂરાઈ), રૂંધાઈ (ગૂંગળાઈ યા રોકાઈ) રહી છે, તેને સબળ અને સતેજ (ઉત્સાહયુક્ત યા જાગ્રત યા વધારે પ્રકાશયુક્ત) બનાવવાની છે અને આત્મજ્યોતિની સર્ચલાઇટથી દેવો (જુઓ પ્ર.દ.નં. ૬૬), ઈશ્વરો (જુઓ પ્ર.દ.નં. ૪૧) અને નારાયણ (જુઓ પ્ર.દ.નં. ૨૪ ને ૨૫)ની કૃપા મેળવી તેમના દિવ્યજ્યોતિના પ્રકાશમાં દિવ્યનેત્રો દ્વારા વિશ્વજ્યોતિ નારાયણ (જુઓ પ્ર.દ.નં. ૨૪ ને ૨૫)થી આગળ વધીને બ્રહ્મશક્તિ દ્વારા પમરગતિમાં (જુઓ પ્ર.દ.નં. ૧૮, ૯, ૭ અને ૫) સ્થિતપ્રજ્ઞાસન (જેની બુદ્ધિ સ્થિર છે એવો યા જ્ઞાની) (એક પરંબ્રહ્મની અતૂટ એટલે અખંડ યા તૂટે નહીં એવું, અખૂટ એટલે ખૂટે નહીં એવું, પૂર્ણ દૃઢતાભરી મોક્ષેચ્છા) વડે પરમજ્યોતિ (જુઓ પ્ર.દ.નં. ૧થી ૩)માં આત્જ્યોતિનું સમર્પણ કરવાનું છે. જો આ કાર્ય થયું તો આત્માનો મોક્ષ થવાની કોઈ જ શંકા રહેતી નથી. વિલય (લય યા નાશ) પામેલી જિજ્ઞાસાઓ અને હેતુઓના સ્થાને પરમશક્તિ, પરમજ્યોતિમાં આત્માનો અખંડ પ્રેમ સ્થપાય તો આત્મા અને આત્મજ્યોતિનું પરમજ્યોતિમાં સહેલાઈથી વિલોપન થાય. એટલા માટે પોતાની ઇચ્છા કે મહેચ્છા કાંઈ ન રાખતાં ઈશ્વરેચ્છામાં પોતાની તમામ ઇચ્છાઓ સમાવી દેવી તે જ ‘સાચું વિલોપન’ અને ‘સમર્પણ’ છે.

સંસારની સર્વ વસ્તુઓને ત્યાગી શકનાર, કીર્તિ અને કામનાઓને ત્યજી દેનાર સમર્થ પુરુષો પણ ગુપ્તપણે પોતામાં કોઈક એષણા (ઈચ્છા યા વાસના) જાળવી રાખે છે, તેથી તે ઘણે ઊંચે ચઢીને પણ પાછા નીચે પડે છે. ત્યારે પ્રભુઈચ્છામાં પોતાની ઈચ્છા સમાવનાર સાધક કદી પાછો પડતો નથી. જેમ નાનું બાળક ગમે તે કારણસર રડે છે, ત્યારે તેની જનેતા તુરત તેની પાસે દોડી જાય છે અને તેને શું જોઈએ છે ? તે બાળક બોલતું ન હોવા છતાં માતા શોધી કાઢે છે અને બાળકની ઈચ્છા પૂરી કરે છે, તેમ પ્રભુઈચ્છામાં સ્વેચ્છા સમાવનાર સાધકની ઈચ્છા સર્વેશ્વર પરમશક્તિ યાને પરમજ્યોતિ પૂર્ણ કરે છે.

માટે યાદ રાખો કે : પરમશક્તિની દિવ્યજ્યોતિના પ્રકાશમાં પ્રત્યેકને આત્મસમર્પણ કરી તેને ચરણે ધરવાનું છે, તેથી તેના જુદા હેતુ યા ભાવનાઓના સ્થાને યા પરમચેતનાની કૃપા ઊતારવા પ્રથમ યોગચેતનાને આત્મચેતનામાં ભેળવી પછી તેને બ્રહ્મચેતનામાં ભેળવી છેલ્લે પરમચેતનામાં ભેળવી દેવાની છે. તેથી ચેતનાની અંદર જે પ્રજ્ઞાન સત્ય રહેલું છે તે એક હોવા છતાં અનેક રૂપમાં વ્યાપક બને અને જો આત્મચેતનામાં પરમસત્યની સ્થાપના થાય તો પછી બ્રહ્મચેતનામાં સમર્પણમાં થતાં સહેલાઈથી તે સર્વ પરમચેતનામાં સાચા અને પૂર્ણરૂપે સમર્પણ થાય. એટલા માટે યોગશક્તિને, આત્મશક્તિને, બ્રહ્મશક્તિને અને પરમશક્તિને આપણે સઘળું સમર્પણ કર્યા કરવાનું જ છે. જેટલું સમર્પણ વધશે તેટલી ચેતના વધતી જ જશે, પરંતુ જો સાચું સમર્પણ નહીં થાય તો સત્યની, સત્યના કાર્યની અને આત્મામાં પૂર્ણ નિર્મળતાની સ્થાપના થશે નહીં. જો આત્મસમર્પણ થતું અટકાવવામાં આવે તો દયા-કૃપામય પ્રભુ યાને પરમશક્તિ પાસે આત્મચેતનાને ખુલ્લીકરવાનો કોઈપણ આધ્યાત્મિક અર્થ રહેશે નહીં. આત્મયોગ, બ્રહ્મયોગ અને પરમયોગના સાધકો પાસેથી યોગશાસ્ત્ર 'આત્મસમર્પણ'ની માંગણી કરે છે. તેનું કારણ એટલું જ છે કે : દિનપ્રતિદિન વિકાસ પામનારી આત્મસમર્પણની ક્રિયા સાધ્ય કર્યા વિના બ્રહ્મયોગના અંતિમ લક્ષ્ય નજીક પહોંચવું પણ અશક્ય થઈ પડશે. તેથી સમર્થ યોગીપુરુષો યોગીની ઈચ્છા અગર અનિચ્છાથી અને પોતાની યોગશક્તિથી પણ આત્મસમર્પણ કરે-કરાવે છે. કેમ કે આત્મસમર્પણ કર્યા વિના, બ્રહ્માત્મ સમર્પણ કર્યા વિના પરમાત્મા સમર્પણ અથવા પરમબ્રહ્મ સમર્પણનું કાર્ય ઝડપભેર કરી શકાતું નથી. આપણે આપણી ચેતનાને પરમશક્તિ સમક્ષ ખુલ્લી રાખવી તેનો અર્થ એ જ છે કે : દિવ્યશક્તિ આપણી નજરે દેખાય યા ન દેખાય તો પણ આપણી અંદર પોતાનું મહદ્ કાર્ય કરવા માટે તેને આમંત્રણ અપાય છે. જેમ કોઈ મહેમાનને આમંત્રણ આપ્યા પછી જાકારો (સત્કાર ન થવો તે) આપી શકાય નહીં, ઘર બંધ કરીને ચાલ્યા જવાય નહીં, તેમ દિવ્યશક્તિને યા બ્રહ્મશક્તિને યા પરમશક્તિને આમંત્રણ આપ્યા પછી આપણાથી તેમના તરફનું આપણું આત્મમુખ બીજી દિશામાં ફેરવી શકીએ નહીં. એક વખત આમંત્રણ આપ્યા

પછી જો આપણે સમર્પણ ન કરીએ તો તેનો હેતુ એ થયો કે : આત્મામાં આત્મચેતનાને, પરમચેતનાને અને બ્રહ્મચેતનાને કાર્ય કરવા દેવા આપણે ચાહતા કે માંગતા નથી, અગર કદાચ કાર્ય કરવાની અનુમતિ (સંમતિ) કદાચ આપણે આપીએ તોપણ તેમાં આપણી શરત હોય છે અને આપણી શરતે આપણી માંગણી પ્રમાણે કરવા દેવા તૈયાર છીએ, પણ નહીં કે દિવ્ય સત્યથી પ્રેરિત (પ્રેરાયેલું) પોતાના માર્ગે આગળ વધવા માટે રજા મળે છે, પરંતુ આપણે વિવેકશૂન્યતાને લીધે આગળ વધતા અટકીએ છીએ, શંકા-કુશંકાઓ પ્રગટે છે, મનની દઢતા ધ્રૂજરી બને છે.

કેટલી વખત આવી સૂચના આત્મોન્નતિની વિરોધી શક્તિ તરફથી પણ મળે છે, અગર તો મનના કે પ્રાણના કોઈ અહમ્પ્રધાન તત્ત્વોમાંથી પણ આવે છે. આ તત્ત્વ કરુણા-કૃપાસિંધુ પ્રભુકૃપાની માંગણી કરે છે, પરંતુ તેમાં ધારેલું પાર પાડવાની અહમ્પ્રધાન ઈચ્છા અહમ્પ્રધાન તત્ત્વોમાંથી આવતી હોવાથી અગર તો અહમ્મિશ્રિત હોવાથી બ્રહ્મચેતના અને પરમચેતનાનું યોગ્ય પ્રમાણમાં અવતરણ થતું નથી. કેમકે પોતાના હેતુ માટે તેનો ઉપયોગ કરવાની એષણા (ઈચ્છા યા વાસના) હોય છે. તેને બદલે જો પોતાની ઈચ્છા ન હોય તો પરમાર્થવૃત્તિમાં દોષ આવે નહીં અને પ્રભુકૃપાનું અવતરણ ઓછું થાય યા અટકે નહીં. કેમકે ઐહિકતત્ત્વાભિલાષા (સાંસારિક અભિલાષા) પરમશક્તિનો હેતુ સિદ્ધ કરવા યા સાધવા માટે હોવો જોઈએ તે હોતો નથી.

અર્વાચીન સમયમાં અનેક મનુષ્યો મૃત્યુના પંજામાં પોતે બચવા અને પોતાના ઘરકુટુંબને બચાવવા ઈચ્છે છે, પરંતુ તેના કે તેના કુટુંબના કાલના પંજામાંથી થતા બચાવથી કોઈ તાત્ત્વિક (તત્ત્વને લગતું) યા ઉત્તમ હેતુ સફળ થવાનો હોતો નથી. કેમકે જે જીવન પરમચેતનાની પ્રાપ્તિમાં વ્યતીત કરવા અને આત્મકલ્યાણ સાધવા માટે જ જીવનની ભિક્ષા મંગાય અને તેનો પરમાર્થે સન્માર્ગે વ્યય થતો હોય તો જ તેનો સાચો ઉપયોગ થયો ગણાય, તે સિવાય સગા-સ્નેહીના મનની કે સુખની તૃપ્તિ માટે અને લૌકિક લાભ માટે જીવન જીવાય તેને બચવા કે વધુ જીવવાનો કોઈ અર્થ ન હોઈ અધિકાર નથી. તેથી તેવાનું કુદરતી મૃત્યુ થાય અગર બચાવ થાય તેમાં કોઈ ખાસ તફાવત હોતો નથી. આમ છતાં અન્યના હૃદયની શાંતિ અર્થે નિઃસ્વાર્થભાવે પરમાર્થે કોઈ યોગાત્મા પ્રભુકૃપાનું અવતરણ કરાવી બચાવ કરે છે, પરંતુ તેમાં તેને પુણ્ય યા પાપ કેટલું મળે ? તે ગહન (ગૂઢ યા અકળ) પ્રશ્ન રહે છે. કેમકે બચનાર માનવ જો આત્મોન્નતિ સાધે અને પરમયોગમાં લાગે તો પુણ્ય અને તેમ ન કરે તો અગર પાપમાર્ગે ઊતરે તો પરમાર્થની દૃષ્ટિએ બચાવ્યા છતાં પાપ લાગે છે. આથી સમર્થપુરુષો કોઈને બચાવવા ઈચ્છતા નથી. અગર યોગશાસ્ત્ર મુજબ કોઈની હાય ન મળે માટે જો કાંઈ પ્રભુકૃપાની સહાય આપવા ઈચ્છે તોપણ જ્યાં પતિપત્ની બંને ધાર્મિકવૃત્તિના અને ધર્મપરાયણ હોય તો બેઉને સંકલિત (એકઠું કરેલું) કરી પ્રભુકૃપાથી બચાવ કરે, પરંતુ

તેમાં હું બચાવનાર છું યા મારાથી બચે છે, તેવી કોઈપણ અહમ્‌તત્ત્વવાળી ઈચ્છાને કદી સ્થાન આપતા નથી. જેણે પોતાની ઈચ્છા આગળ ન ધરી અગર પોતાની ઈચ્છાઓને બાળી મૂકી હોય ત્યાં જ પમાર્થવૃત્તિનો યા દૃષ્ટિનો પ્રારંભ થાય છે. કેમકે ત્યાં સહેજ પણ અહમ્ રહેતું ન હોવાથી માત્ર પ્રભુની દયા અને કરુણા મેળવવાનો જ ભાવ હોય છે અને સાચા પુરુષો પોતે કાર્ય કરનાર ‘કર્તા’ ન બનતાં ચેતનાને કર્તા બનાવી તેની પાસે કાર્ય કરાવવા ચેતનાનું માત્ર અતવરણ કરાવી આપે છે, કે જેથી દરેક કાર્ય સ્વતઃ થયા જ કરે. મનુષ્ય જો પોતાની યોગશક્તિથી મેળવવા જશે તો કાંઈ જ મેળવી શકશે નહીં. પરંતુ પરમચેતનામાંથી મેળવવા જશે તો સર્વસ્વ અને સર્વત્ર મળી આવશે. એટલું જ નહીં પણ ધાર્યા કરતાં વિશેષ મેળવી શકશે. માનવ જેટલું બને તેટલું વધુ મેળવી લેવા ઈચ્છે છે, પરંતુ અગાધ પરમશક્તિમાંથી માત્ર એક-બે ટીપાં મેળવી શકે છે. તેટલામાં તેનું પેટ ધરાઈ જાય છે અને તેવા તૃપ્ત થયેલાને દુનિયા મહાપુરુષ યા સમર્થપુરુષ તરીકે દેખે છે. કિંતુ સાચી હકીકતમાં માનવઆત્માની અધ્યાત્મ એટલે તત્ત્વ ગ્રહણ કરવાની શક્તિ મર્યાદિત હોય છે અને તે કેટલી? અને ક્યારે તૃપ્ત થઈ જાય? તે જાણવાનો એક ગૂઢ કોયડો (કોરડો યા ઝટ ન ઊકલી શકે એવો પ્રશ્ન) છે. કેમકે આપણી દૃષ્ટિમાં અને અલૌકિક દૃષ્ટિમાં અત્યંત તફાવત છે, જેમ આપણે ડુંગર ઉપરથી યા ઍરોપ્લૅનમાંથી નીચેના કોઈ મોટા ગામને જોઈએ તો તે ઊંચાઈથી નીચે જોવાના હિસાબે ગામ તદ્દન નાનું દેખાય છે, તેમ યોગની ભૂમિકામાં જ્યાં સુધી પોતાનું સ્થાન અગર પોતાનું સિદ્ધાસન (ધ્યાનસ્થ સ્થાન) જેમ જેમ ઊંચે જાય તેમ તેમ સંસાર તદ્દન વામણો (નાનો) અને તુચ્છ દેખાય છે. જોકે સંસાર તો નાનો-મોટો થતો નથી, પરંતુ તેને નજીક યા દૂરથી જોવાના દૃષ્ટિભેદને લીધે નાનો-મોટો દેખાય છે. મનુષ્ય પરાયાની અનેક પ્રકારની બધી પંચાતો કરવામાં સમય વિહીન (વિના) જીવે છે, તેના બદલે પોતાનો ફાજલ વખત ચેતનાના અવતરણમાં વધુ ગાળે તો ચેતનાનો સંબંધ ગાઢ થતાં વધુ ને વધુ આગળ વધે, પરંતુ માનવને સ્થૂલદૃષ્ટિએ જે દેખાય તે જ સાચું સુખ છે, એમ જ્યાં સુધી સમજાઈ રહ્યું છે ત્યાં સુધી ગુપ્ત આધ્યાત્મશક્તિ સાચી અને ગૂઢ રીતે સમજાઈ શકતી નથી. માનવમાત્ર ટૂંકામાં પ્રભુ પાસેથી જેટલું મેળવાય તેટલું મેળવી લેવા સર્વદા ખડેપગે તૈયાર હોય છે, પરંતુ પોતે પોતાની જાતને, પોતાના આત્માને પ્રભુ-પરમચેતનામાં સમર્પણ કરી દેવા તૈયાર હોતો નથી, તે જ ખામી સર્વને સર્વદા નડ્યા કરે છે. કદાચ આત્મસમર્પણ કરવા તૈયાર હોય છે પણ તેમાં સાચું, પૂર્ણ અને કોઈ ભાવ બાકી ન રહે તેવું સમર્પણ કરી શકતો નથી, તે બીજી પ્રકારની ખામી છે. બીજી રીતે જોતાં જણાશે કે : અંતરાત્મા યા ગૂઢાત્મા યા કૂટસ્થાત્મા યા ચૈતન્યપુરુષ યા આત્મજ્યોતિ કે જે સાધકના આત્મામાં રહેલ છે તે સર્વદા પરમેશ્વરાભિમુખ પ્રભુ માટે પરમશક્તિ માટે સર્વદા તલસતો (આતુરતાથી તરફડતો), તડપતો અને જેમ પપૈયા પક્ષી વર્ષાની રાહ જુવે છે તેમ પ્રભુકૃપાના

અમૃતબિંદુઓ મેળવવા તલપી રહેલો હોય અને પોતાનું સર્વસ્વ પ્રભુચરણે સમર્પણ કરવા સંપૂર્ણ રાજી, આતુર અને સર્વદા ઉલ્લાસિત (હર્ષથી પ્રફુલ્લિત) હોય છે. તેમ છતાં તેને આત્મા, ઐહિક સુખોમાં સર્વદા ટેવાયેલો હોવાથી અવરોધ કરી અટકાવે છે, એટલું જ નહીં પણ ગૂઢાત્માની ઈચ્છાને કોઈ રીતે પાર પાડવા દેતા નથી. આત્માની ઈચ્છા લૌકિક સુખોપભોગોની હોય છે ત્યારે ગૂઢાત્માની ઈચ્છા સર્વદા અખંડ રહેનારી, અવિચળ અને પરમસુખની હોય છે. પરંતુ તેમાં આત્માની ઈચ્છા માયાના એટલે પરાયા સુખો અગર પરાયાના સંસર્ગથી મળતા સુખો પ્રાપ્ત કરવાની હોય છે, ત્યારે ગૂઢાત્માની ઈચ્છા પરાયા સુખો નહીં પણ પોતાના જન્મસિદ્ધ હકવાળા અનાદિ સત્યરૂપે પોતાનાં હતાં તે જ આત્મીય સુખો મેળવવાની ઈચ્છા હોય છે. તેથી આત્માની સુખાભિલાષા અનુચિત (અયોગ્ય) અને પાપમાર્ગે લઈ જનારી બને છે, ત્યારે ગૂઢાત્માની ઈચ્છા ત્યજાવી પુણ્ય માર્ગે લઈ જવાની અને સ્વાત્મિય આત્મ પિતા-માતા-પ્રભુને મેળવવાની હોય છે. સંસાર સાધનાના માનસિક આદર્શોવાળી સંસ્કારિતા (સંસ્કારીપણું) ઉત્તમ માર્ગે દઢ પ્રયાણ કરાવે છે, પરંતુ યોગસાધનામાં માનસિક આદર્શોવાળી સંસ્કારિતા આત્મપ્રયાણમાં અનેક વિઘ્નો ઊભા કરે છે યા અટકાવે છે. તેથી માનસિક આદર્શોવાળી સંસ્કારિતાથી દરેક સાધકે પર થવા માટે યોગમાર્ગનું એલાન હોય છે. કેમકે વિચારો અને આદર્શો આત્માની ભૂમિકામાંથી નહીં પણ માત્ર માનસિક ભૂમિકામાંથી જ ઉદ્‌ભવે છે, તેથી આદર્શો અને વિચારો પૂર્ણ સત્ય હોતા નથી પણ બહુ બહુ તો અર્ધસત્ય હોય છે. સાચા સાધકે પૂર્ણ સત્યને પકડવાનું છે, તેને બદલે જો અર્ધસત્યને પૂર્ણ સત્ય સમજી લેશે તો સર્વદા અર્ધ અર્ધ માર્ગે જ આત્મા રખડતો રહેશે. આ હકીકત વિચાર કે કલ્પનાથી સમજાય તેવી નથી પણ લાંબા અનુભવથી જ સમજાય તેવી છે. કેટલીક વખત માનવનું મન પણ કેવળ ભાવનામાં જ સંતોષ માને છે. આદર્શની કલ્પના કરવામાં તે રાચે (રાજી થાય) છે. આદર્શને કેવળ ભાવમાં ઉતારવા કરતાં જીવનમાં અને વર્તનમાં ઉતારવો શ્રેષ્ઠ છે, પરંતુ આદર્શ કલ્પનામાં જ રહી જાય તો અગર તો માત્ર વાણીમાં રહે પણ વર્તનમાં ઊતરે નહીં તો મહેનત માથે પડે છે. આદર્શની ભાવનામાં જીવન યાને પ્રાણત્વ જેવું હોય તેવું જ રૂપાંતર વગરનું અથવા તો સહેજસહાજ અને ઘણેખરે અંશે પણ દેખાવ કરવા ફેરફારવાળું છતાં પ્રથમ મુજબ કાયમ રહે છે. આધ્યાત્મિક યોગી યા જિજ્ઞાસુ સત્યનો સાક્ષાત્કાર કરવામાં ચલિત થઈને કેવળ માનસિક આદર્શોની ભાવનાના વિહારમાં (આનંદમાં હરવું-ફરવું તે) જો પડી ગયો તો યોગભ્રષ્ટ થાય છે, પણ જો નિર્ણયાત્મક ક્રિયાશીલ યોગમાં પડી જાય તો જ ઉદ્ધાર થાય છે. દિવ્ય સત્યને આદર્શ તરીકે કલ્પીને બેસી રહેવાનો કોઈનો હેતુ હોતો નથી પણ સત્યને જીવનમાં ઉતારવાનો અને પરમચેતનાનું અવતરણ કરવાનો યા સત્યનો સાક્ષાત્કાર કરવાનો આદર્શ હોય છે. તે આદર્શ સિદ્ધ કરવા પરમશક્તિ પ્રભુ અને પરમશક્તિના કાર્યને સમર્પણ થઈ ગયા

વિના કોઈ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. સમર્પણનો માર્ગ ત્યાગનો નથી છતાં પણ તેમાં અહમ્, મમ અને સ્વેચ્છાનો વિલય થતો હોવાથી ગર્ભિત રીતે સાચા ત્યાગરૂપ છે. આમ છતાં જેઓ જીવનથી વિમુખ થઈ જવા માગે છે તે નિર્ગુણ માર્ગને અનુસરે છે. જેમાં સ્વાર્થ ન હોય તેનું નામ પરમાર્થ છે અને જેમાં સ્વાર્થ માટેની માંગ ન હોય તે ત્યાગ છે. એમ મહાપુરુષોએ માન્યું છે, તેથી કોઈ ત્યાગ માર્ગે તો કોઈ સમર્પણ માર્ગે પરમચેતનાનું ગૂઢાત્મામાં અવતરણ કરાવે છે. તેમજ કેટલાક સ્વપ્રયત્નથી તરવા ઈચ્છે છે ત્યારે કેટલાક સદ્ગુરુના આશ્રયરૂપ નૌકામાં બેસી તરવા ઈચ્છે છે.

**ક્ષર અને અક્ષરની સમજણ :**

'ક્ષર' એટલે નાશવંત માયા-મોહના સંસાર અને અક્ષર એટલે નાશવંત વિશ્વનું તત્ત્વ. સર્વનો નાશ થયા થતાં જે અવિનાશી અને કાયમ રહે છે છતાં તે અસત્યમાં સત્યરૂપે અને સત્યમાં અસત્યરૂપે છતાં સત્યાસત્ય મિશ્રિત બંને રૂપો દેખાય તેવું નાશી છતાં અવિનાશી અને અવિનાશી છતાં નાશી એવું મિશ્રિત તત્ત્વતે 'અક્ષર' છે. અને તે અક્ષરને યોગમાર્ગે 'નિષ્ક્રિય બ્રહ્મ' કહ્યા છે. કેમકે તે કોઈને સહાય કરતા કે દોરતા નથી અને તે નિષ્ક્રિય હોવાથી ગમે તેટલી સ્તુતિ કરવા છતાં ત્યાંથી કોઈને સહારો (આશ્રય) અપાતો ન હોવાથી તેમજ અક્ષરતત્ત્વ કોઈને અક્ષરાતીત સુધી ચઢાવવા કે કોઈને ક્ષરમાં નાખવા તત્પર હોતું નથી. તેથી જેમ સ્વેચ્છાથી ગ્રંથિત્વને ક્ષરમાં જવાનું હોય છે, જેમ એસ.એસ.સી.માં પાસ થયા પછી કોઈપણ કૉલેજમાં જવાતું હોવાથી એસ.એસ.સી. તે કૉલેજોનું પ્રવેશદ્વાર છે તેથી અક્ષર અક્ષરાતીતનું પ્રવેશદ્વાર છે. તેથી અક્ષર સુધી પહોંચવા તથા તે પછી અક્ષરાતીત સુધી પહોંચવા માટે વિશ્વના દ્વાર રૂપ અક્ષરને વટાવી આગળ જવાનું કાર્ય પ્રત્યેક આત્માને સ્વતઃ કરવાનું હોય છે. આમ છતાં જો અક્ષરથી આગળ નીકળી જવાય અને શુદ્ધ પરમચેતના સુધી પહોંચાય તો અક્ષરાતીતનું આકર્ષણ અને પરમચેતના સારી રીતે મળે છે, પરંતુ અક્ષર, પ્રકૃતિપુરુષ હોઈ તે કોઈને કોઈ સહાય કે માર્ગદર્શન ન આપતાં નિષ્ક્રિય એટલા માટે રહે છે કે: કોઈ આત્માને માયામાં નાખવાનો કે કોઈને તરતા અટકાવવાનો તેમજ કોઈને માયામાંથી મુક્ત કરી છોડાવ્યાનો લૌકિક કે અલૌકિક કોઈ બાજુનો આક્ષેપ લેતા નથી તેથી તે 'નિષ્ક્રિય બ્રહ્મ' છે અને સાધકને પોતાની પ્રકૃતિના બંધારણ અને અધિકાર મુજબ તે માર્ગનું અનુશીલન (સતત અને ઊંડો અભ્યાસ) કરવા તે અક્ષર સર્વ આત્માને છૂટ આપે છે. જેથી તે અક્ષરની હદથી આગળ જતાં પરમશક્તિ, પરમચેતના પાસે સર્વ પ્રકારે ખુલ્લો થઈ શકે અને સમર્પણ કરી શકે. સમર્પણનો માર્ગ ત્યાગના માર્ગ કરતાં વધુ શ્રેષ્ઠ, સહેલો અને દરેકથી પળાય અને આચરાય તેવો હોય છે.

(વધુ આવતા અંકે)

## ૨૦૨૦ના વર્ષ માટે ચેતવણી લવાજમ ભરવા બાબતે સૂચના

આથી ચેતવણી માસિકના દરેક ગ્રાહક ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે ચેતવણી માસિક ૨૦૨૦ના વર્ષ માટેનું લવાજમ લેવાનું ચાલુ હોવાથી દરેક ગ્રાહક ભાઈ-બહેનોએ પોતાનું લવાજમ નિયુક્ત પ્રતિનિધિઓને ત્યાં સમયસર ભરાવી દેવું.

**(લવાજમ ભરવાની છેલ્લી તા. ૩૧-૧૨-૨૦૧૯ છે,**
**ત્યારબાદ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં.)**

લવાજમ મનીઑર્ડરથી મોકલવાનું એડ્રેસ :
ચેતવણી કાર્યાલય, શ્રીવલ્લભવાડી, રામબાગ, મણિનગર, અમદાવાદ-૮.

**વાર્ષિક લવાજમ રૂ. ૮૦/- તથા આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

## લવાજમ સ્વીકારવા અંગે નિયુક્ત કરેલ પ્રતિનિધિઓ :

(૧) શ્રી ૐકારેશ્વર મંદિર,
ઠે. શ્રી વલ્લભવાડી,
રામબાગ, મણિનગર, અમદાવાદ-૮.

(૨) વલ્લભ માનવોદ્ધારક મંડળ
વલ્લભાશ્રમ, મુ.પો. અનાવલ,
તા. મહુવા, જી. સુરત.

(૩) શ્રી ઉત્તમભાઈ જેસીંગભાઈ પટેલ
મુ.પો. ખટાણા, વાયા-આંબાતલાટ,
તા. ધરમપુર, જી. વલસાડ.

(૪) શ્રી બાબુભાઈ ઉક્કડભાઈ નાયક
ઠે. પટેલ ફળિયું, મુ.પો. આછવણી,
તા. ચીખલી, જી. નવસારી.

(૫) શ્રી મગનભાઈ આર. કાંહડોળિયા
પ્રાથમિક શાળા, મુ.પો. શામગહાન,
તા. આહવા, જી. ડાંગ.

(૬) શ્રી ઈશ્વરભાઈ સુરજીભાઈ વસાવા
ઠે. પરોઠા હાઉસની બાજુમાં,
મુ.પો. સોનગઢ, જી. સુરત.

(૭) શ્રી ભુપેન્દ્રસિંહ જશુભાઈ સોલંકી
મુ.પો. નરોલી, તા. સેલવાસ,
જી. દાદરાનગર હવેલી.

(૮) શ્રી કંચનભાઈ મંછુભાઈ પ્રજાપતિ
ઠે. પ્રજાપતિ મહોલ્લો, મુ.પો. મોટીવેડ,
તા. ચોર્યાસી, જી. સુરત, વાયા કતારગામ.

(૯) શ્રી અરવિંદભાઈ સી. લાડ
એ-૯, દેવ્યાની એપાર્ટમેન્ટ,
(એમ.જી. રોડ) બોરીવલ્લી પૂર્વ, મુંબઈ-૬૬.

(૧૦) શ્રી છત્રકુમાર વલ્લભભાઈ મહેતા
ઠે. મોટીનહેર પાસે, મુ.પો. વાંસકુઈ,
વાયા-કરચેલિયા, તા. મહુવા, જી. સુરત.

(૧૧) શ્રી છીતુભાઈ ખુશાલભાઈ પટેલ
ઠે. રામબાગ સોસાયટી, અસ્તાન રોડ,
મુ.પો. બારડોલી, જી. સુરત.

(૧૨) શ્રી હરીશભાઈ મગનભાઈ પટેલ
મુ.પો. અટગામ, તા.જી. વલસાડ.

(૧૩) શ્રી પ્રતાપભાઈ કંવરભાઈ રાજપુત
ઠે. વજીરફળિયા, નવી પોસ્ટની સામે,
મુ.પો. માંડવી, તા. માંડવી, જી. સુરત.

(૧૪) શ્રી પ્રેમાભાઈ એમ. પટેલ
સેક્ટર-૭, બ્લોક નં. ૧૨૦/૨,
ચૌધરી સ્કૂલની સામે, ગાંધીનગર.

(૧૫) શ્રી ધનસુખભાઈ રામભાઈ પટેલ
ઠે. કૃષ્ણકુંજ સોસાયટી, કચેરીની પાછળ,
તા. વાંસદા, જી. વલસાડ.

(૧૬) પ્રમોદભાઈ નાનુભાઈ પટેલ
ગુજરાતી શાળાની સામે, મુ.પો. પરીયા,
તા. પાટડી, જી. વલસાડ વાયા ઉદવાડા.

(૧૭) રમેશભાઈ રસમાભાઈ ચૌધરી
મુ.પો. વ્યારા, તા. વ્યારા.

(૧૮) જગુભાઈ છગનભાઈ આહીર
મુ.પો. નાની દેવસર, તા. ગણદેવી,
જી. નવસારી.

### ધનતેરસ

સંવત ૨૦૭૫ને આસો વદ ૧૨ને શુક્રવાર તા. ૨૫-૧૦-૨૦૧૯ ના રોજ ધનતેરસ ગણવી (સાંજે ૭-૦૮ પછી તેરસ શરૂ થાય છે.)



**✦ યંત્ર પૂજનનો સમય ✦**

રાત્રે ૯.૦૫ થી ૧૦.૩૫ સુધી
મધ્યરાત્રે ૧૨.૦૫ થી ૩.૦૫ સુધી



**અગત્યની સુચના : યંત્ર પૂજનના સમય વખતે શુક્રવાર હોવાથી છેલ્લા આસને સિધ્ધિયંત્રની પૂજા કરવી નહી.**

છુટક નકલ રૂા. ૬-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2018-2020 Valid up 31-Dec-2020
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
PMG/HQ/012/2018-20 Valid upto 31-12-2020

❖ **ન રણે વિજયાચ્છૂરોડધ્યયનાન્ન ચ પણ્ડિતઃ ।**
**ન વક્તા વાકપટુત્વેન ન દાતા ચાર્થદાનતઃ ॥**
**ઈન્દ્રિયાણાં જયે શૂરો ધર્મ ચરતિ પંડિતઃ ।**
**હિતપ્રાયોક્તિભિર્વ ક્તા દાતા સમ્માન દાનતઃ ॥**

રણમાં જય મેળવવાથી શૂર કહેવાતો નથી, શાસ્ત્ર પઢવાથી પંડિત થઈ શકતો નથી, વાણીની વાક્ચાતુર્યથી વક્તા થઈ શકતો નથી, ધનનું દાન કરવાથી દાતા થઈ શકતો નથી; કિંતુ ઈન્દ્રિયો પર જય મેળવવાથી જ શૂરવીર કહેવાય છે. ધર્મનું આચરણ કરવાવાળાને જ પંડિત કહે છે, બીજાઓના હિતની વાત કહે તે જ વક્તા છે અને જે બીજાનું સન્માન કરે તે જ દાતા છે.

❖ **યૌવનં જીવિતં ચિત્તં છાયા લક્ષ્મીશ્ચ સ્વામિતા ।**
**ચઙ્ચલાનિ ષડેતાનિ જ્ઞાત્વા ધર્મરતો ભવેત ॥**

યૌવન, જીવન, મન, શરીરની છાયા, ધન, સ્વામિતા (ધણીપણું યા માલિકીપણું) એ છ બહુ ચંચલ છે અર્થાત્ સ્થિર થઈને રહેતા નથી, એવું જાણવાવાળો પુરુષ ધર્મમાં રત (લીન યા આસક્ત) થાય છે.

**વર્ષ - ૧૫, અંક - ૯, સંવત ૨૦૭૫ ભાદરવા વદ ૧૩ પ્રસિદ્ધ તા. ૨૭-૯-૨૦૧૯ શુક્રવાર**

**માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી :** જયવર્ધન રમુજીલાલ વ્યાસ
વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
દ્વારા પ્રસિધ્ધ તા. ૨૭-૦૯-૨૦૧૯ ના રોજ કર્યું.

**ચેતવણી કાર્યાલય** : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

**મુદ્રણ સ્થળ** : ભવાની ઓફસેટ, ૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.